ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

સાવલી પોલીસ પરિવારના 'જનરક્ષક કા રાજા'ની ભવ્ય સ્થાપના

સાવલી : સાવલી નગર અને પંથકમાં ગણેશ ચતુર્થીનો તહેવાર ભારે શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવાઈ રહ્યો છે. નગરના વિવિધ વિસ્તારો અને સોસાયટીઓમાં શ્રીજીની સ્થાપના સાથે પૂજાવિધિ ચાલી રહી છે, ત્યારે સાવલી પોલીસ પરિવાર દ્વારા આયોજિત 'જનરક્ષક કા રાજા' ગણેશજીની સ્થાપનાનું વિશેષ આકર્ષણ જોવા મળ્યું છે. ગઈકાલે ભવ્ય આગમનયાત્રા બાદ આજે સંધ્યાકાળે સાવલી પોલીસ લાઇન ખાતે આવેલા વિશાળ પંડાલમાં વિધિવત રીતે શ્રીજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પોલીસ પરિવાર દ્વારા પંડાલને આકર્ષક રોશની અને સજ્જાથી શણગારવામાં આવ્યો છે. પંડાલની મુખ્ય વિશેષતાઓ: આકર્ષક બેનર્સ: પંડાલમાં 'વિઘ્નહર્તા સે સુરક્ષા, જનરક્ષક કા રાજા' સૂત્રવાળા બેનરો લગાવવામાં આવ્યા છે. પોલીસ સિદ્ધિઓનું પ્રદર્શન: પોલીસ વિભાગની કામગીરી અને વિવિધ સિદ્ધિઓ દર્શાવતા માહિતીપ્રદ બોર્ડ મૂકવામાં આવ્યા છે. ઐતિહાસિક થીમ: પુરાતન ભારત, મધ્યયુગ અને આધુનિક ભારતના વિકાસને દર્શાવતા વિશાળ થીમેટિક બેનરો નગરજનો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સ્થાપના વિધિ સંપન્ન થયા બાદ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

બોડેલીમાં 'દોડ ૨.૦' થીમ પર ગણેશજીની અનોખી પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર

બોડેલી : બોડેલીની શિવ શક્તિ સોસાયટીમાં શિવ શક્તિ યુવક મંડળ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી ગણેશજીની અનોખી પ્રતિમા હાલ આકર્ષણનું કેન્દ્ર બની છે. ખાસ કરીને આગામી ડિસેમ્બર માસમાં છોટાઉદેપુર જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારાયોજાનારી *'દોડ 2.0'*ની થીમને આધારે ગણેશજીની પ્રતિમાને અનોખો આકાર આપવામાં આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વર્ષ 2025માં જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની અધ્યક્ષતામાં બોડેલી ખાતે 'દોડ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં યુવાનો, મહિલાઓ સહિત વિવિધ વર્ગના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને 'ફિટ છોટાઉદેપુર, ફિટ બોડેલી' તેમજ સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ આપવામાં આવ્યો હતો. દોડના આયોજનથી સ્થાનિક પ્રતિભાઓને રમતગમત અને દોડ ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહન મળ્યું હતું. સાથે જ બોડેલી અને છોટાઉદેપુર જિલ્લાની પણ આગવી ઓળખ ઊભી થઈ હતી. વર્ષ 2025ની સફળતા બાદ આ વર્ષે *'દોડ 2.0'*નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી 'દોડ 2.0'ને લઈને જિલ્લામાં અત્યારથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે શિવ શક્તિ યુવક મંડળે ગણેશ ઉત્સવ સાથે 'દોડ 2.0'ની થીમને જોડીને અનોખી ગણેશ પ્રતિમા તૈયાર કરી છે.

છોટાઉદેપુર જિલ્લાના વસેડી ખાતે સાંસદ જશુભાઈ રાઠવાના હસ્તે ઇકોયુનિટી સંકુલનું ઉદ્ઘાટન

છોટાઉદેપુર: છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ, ઉચ્ચ શિક્ષણ, રમત-ગમત તેમજ સામાજિક ઉત્થાનના ઉદ્દેશ સાથે એક ઐતિહાસિક શૈક્ષણિક અધ્યાયની શરૂઆત થઈ છે. ઇકોયુનિટી ટ્રાઇબલ પ્રોગ્રેસ ઇનિશિયેટિવ ચેરીટેબલ ટ્રસ્ટ, છોટાઉદેપુર દ્વારા વસેડી ખાતે નવનિર્માણ પામેલ 'ઇકોયુનિટી શૈક્ષણિક સંકુલ'નો આજરોજ એક ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ છોટાઉદેપુર લોકસભા સાંસદ જશુભાઈ રાઠવાના વરદ હસ્તે અને અધ્યક્ષસ્થાને સંપન્ન થયો હતો. આ ગૌરવપૂર્ણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, પૂર્વ રેલવે રાજ્ય મંત્રી નારણભાઈ રાઠવા, વસેડી ગ્રામ પંચાયતના સરપંચ ગંભીરભાઇ રાઠવા, જિલ્લા પંચાયત શિક્ષણ સંઘ પ્રમુખ માધુભાઈ રાઠવા તથા જિલ્લા પંચાયતના વિરોધપક્ષ નેતા રાજેશકુમાર રાઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

૩૬ વર્ષથી અવિરત પરંપરા: વાઘોડિયાથી ૨૧૫ પદયાત્રીઓ અંબાજી તરફ પ્રયાણ

વાઘોડિયા : વાઘોડીયાથી સતત 36 મા વર્ષે મંગલ પ્રવેશ કરી પદયાત્રા સંઘ 215 પદયાત્રી સાથે દસ દિવસના પગપાળા પ્રવાસ બાદ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામા અંબાજી મંદિરે ધ્વજારોહણ કરવા માટે પ્રયાણ કર્યું. આજે વાઘોડિયામાં મંગલમૂર્તિ સોસાયટીમાં આવેલા માં અંબાજીના મંદિરે વાઘોડિયા ની ધર્મ પ્રેમી જનતા એકત્ર થઈ સમૂહ આરતી કરી મા અંબાના રથની શોભાયાત્રા સાથે અંબાજી જવા પ્રયાણ કર્યું હતું. શ્રદ્ધા અને ભક્તિ ની શક્તિ સાથે અતિ ઉત્સાહસભર સમસ્ત વાઘોડિયા તાલુકાના માઇ ભક્તો આયોજીત પદયાત્રી સંઘ "બોલમારી અંબે, જય જય અંબે' ના જયઘોષ સાથે પ્રયાણ કર્યું હતુ. પદયાત્રા સંઘ રવાના થતા પહેલા વાઘોડિયામાં માં અંબાજી રથની ભવ્ય શોભાયાત્રા બેન્ડવાઝા અને ડીજે સાથે યોજાઈ હતી. પદયાત્રા સંઘને વડાવવા હજારો માઈભક્તો જોડાયા હતા. ઠેર ઠેર જાહેર માર્ગો પર રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.પદયાત્રી સંઘમા મા અંબાજીના રથને ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના હસ્તે પ્રયાણ કરાયું હતું. માં અંબા ની વર્ષોથી પદયાત્રા શરૂ કરનાર મહેતા પરિવાર સતત 36 વર્ષથી પદયાત્રાનું આયોજન કરે છે.

કંડારી ગામ પાસે સાઈડમાં ઉભેલી કારને પાછળથી ટેમ્પોએ મારી ધડાકાભેર ટક્કર

કરજણ ને.હા ૪૮ પર ગમખ્વાર અકસ્માત, ૨ ના મોત

પ્રેમ રાજેન્દ્ર શાહ અને મિહિર પટેલનાં ઘટનાસ્થળે જ મોત, ત્રણને ગંભીર ઈજા

(પ્રતિનિધિ) કરજણ, તા.15

વડોદરાથી લગ્ન પ્રસંગ પતાવી પરત ફરી રહેલા પાંચ મિત્રો માટે નેશનલ હાઈવે 48 પરનો પ્રવાસ કાળ બની ગયો. કરજણ નજીક કંડારી ગામ પાસે એક ભયાવહ માર્ગ અકસ્માતમાં બે યુવાનોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાએ કરજણ પંથકમાં શોકનો માહોલ છવાયો છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ને.હા 48 પર કંડારી ગામ પાસે એક કાર સાઈડમાં ઉભી હતી. તેવામાં પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલો એક ટેમ્પો કાર સાથે ધડાકાભેર અથડાયો. ટક્કર એટલી ભયાવહ હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો.

આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ પૈકી બે યુવાનો, પ્રેમ રાજેન્દ્ર શાહ અને મિહિર પટેલ, બંને કરજણના જુનાબજાર વિસ્તારના રહેવાસી, ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોતને ભેટ્યા હતા. જ્યારે અન્ય ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ યુવાનો વડોદરામાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપી પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. કરજણના બે યુવાનોના અકાળે અવસાનથી તેમના પરિવારજનો અને મિત્રવર્તુળમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. સમગ્ર કરજણ પંથકમાં આ ઘટનાને પગલે ગમગીની વ્યાપી છે.

અકસ્માતની જાણ થતાં જ કરજણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે કરજણ સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે. પોલીસે અકસ્માત કઈ રીતે સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના ફરી એકવાર હાઈવે પર વાહન ચલાવતી વખતે સાવચેતી અને નિયમોના પાલનનું મહત્વ દર્શાવે છે.

કરજણના યુવાનોના નેત્રદાન: શોક વચ્ચે સેવાભાવનો દીપક

કરજણ નગરમાંથી એક હૃદયદ્રાવક છતાં પ્રેરણાદાયી સમાચાર સામે આવ્યા છે. જુનાબજાર વિસ્તારના પટેલ અને શાહ પરિવારોએ પોતાના વ્હાલસોયા પુત્રોને અકસ્માતમાં ગુમાવ્યા બાદ, શોકની આ ઘડીમાં પણ સમાજસેવાની અનોખી પહેલ કરી છે. ગતરાત્રિએ કંડારી પાસે થયેલા ભયાનક અકસ્માતમાં જીવ ગુમાવનાર પુત્ર પ્રેમ શાહ અને મિહિર પટેલના પરિવારોએ તેમના નેત્રોનું દાન કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ દુર્ઘટનામાં બંને યુવાનોના આકસ્મિક નિધનથી સમગ્ર કરજણ નગરમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પરંતુ, આ અસહ્ય પીડા વચ્ચે પણ પરિવારોએ જે હિંમત અને ઉદારતા દર્શાવી છે, તે ખરેખર પ્રશંસનીય છે. પુત્ર પ્રેમ શાહ અને મિહિર પટેલના પરિવારે કરજણ સરકારી હોસ્પિટલ ખાતે બંને દીકરાના નેત્રોનું દાન કરવાનો નિર્ણય લીધો. આ નિર્ણય માત્ર તેમના પુત્રોને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ અન્ય કોઈના જીવનમાં પ્રકાશ પાથરવાનું એક મહાન કાર્ય પણ છે. વડોદરા ખાતે આવેલી ઇન્દુમતી ટી.આઈ. બેંકના ડોક્ટરોની ટીમે કરજણ આવીને બંને યુવાનોના નેત્રોનું દાન સ્વીકાર્યું હતું. આ ડોક્ટરોએ પરિવારજનોને દાનનું પ્રમાણપત્ર અર્પણ કરીને તેમની આ ઉમદા પહેલને બિરદાવી હતી.

મસમોટા ખાડાઓના કારણે વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન

ભાદરવા-સાવલી માર્ગ પર મસમોટા ખાડામાં ઈંટો ભરેલું ટ્રેક્ટર ખાબક્યું

ઈંટો ભરેલું ટ્રેક્ટર ખાડામાં ફસાતા માર્ગ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોને પણ હાલાકી

(પ્રતિનિધિ) સાવલી, તા.15

સાવલી તાલુકાના ભાદરવાથી સાવલીને જોડતા મુખ્ય માર્ગ પર ખરાબ રસ્તાના કારણે એક મોટો અકસ્માત સર્જાયો હોવાના સમાચાર સામે આવ્યા છે. આ મુખ્ય માર્ગ પર પડેલા મસમોટા ખાડામાં ઈંટો ભરેલું એક ટ્રેક્ટર અચાનક ખાબક્યું હતું, જેના કારણે ટ્રેક્ટર રસ્તાની વચ્ચે જ ફસાઈ ગયું હતું. રોડ પર પડેલા મોટા ખાડાઓના કારણે વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

અવારનવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ માર્ગનું યોગ્ય સમારકામ કરવામાં આવ્યું નથી, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મુખ્ય માર્ગ પર બનેલા આ જોખમી ખાડાઓના કારણે વાહનચાલકોમાં હંમેશા અકસ્માતનો ભય રહે છે. આ ગંભીર સમસ્યાને ધ્યાને રાખીને, તંત્ર દ્વારા વહેલી તકે આ ખાડાઓનું સમારકામ કરવામાં આવે અને રસ્તાને પૂર્વવત બનાવવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે. સાવલી તાલુકાના ભાદરવા ગામે મુખ્ય માર્ગમાં પડેલા ખાડામાં ફસાયેલ ટ્રેકટર નજરે પડે છે.

નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સર્વે શરૂ થતાં જ સ્થાનિકોએ નોંધાવ્યો વિરોધ

જેતપુરપાવીમાં નવા બાયપાસના સર્વે સામે ગ્રામજનોનો ભડકો

ખેડૂતો, વેપારીઓની મિલકતો અને કબ્રસ્તાનની જમીન બાયપાસમાં આવતી હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.15

જેતપુરપાવી ખાતે નવા બાયપાસના નિર્માણને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાલ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, બાયપાસ માટે કરવામાં આવી રહેલા સર્વે સામે સ્થાનિક તેમજ પાવી ગામ ના રહીશો મા ભારે વિરોધ જોવા મળ્યો હતો.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, પ્રસ્તાવિત બાયપાસના રૂટમાં ખેડૂતોની જમીન તેમજ કેટલાક વેપારીઓની મિલકતો આવતી હોવાની શક્યતા છે. ઉપરાંત મુસ્લિમ સમાજના કબ્રસ્તાનની જમીન પણ બાયપાસના પ્રસ્તાવિત રૂટમાં આવતી હોવાનો સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ મુદ્દે ગ્રામજનોએ વિરોધ નોંધાવી જણાવ્યું હતું કે, બાયપાસના કારણે ખેડૂતો, વેપારીઓ અને ધાર્મિક સ્થળની જમીનને નુકસાન થવાની ભીતિ છે. સ્થાનિકોની રજૂઆત છે કે, તમામ અસરગ્રસ્ત લોકોના હિતોને ધ્યાનમાં લીધા વિના સર્વેની કામગીરી આગળ ન વધારવામાં આવે. ગ્રામજનોએ તાત્કાલિક સર્વેની કામગીરી બંધ કરવાની તેમજ બાયપાસનો રૂટ ફરી વિચારણા હેઠળ લેવાની માંગ કરી છે. જો યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર વિરોધ કરવાની ચીમકી પણ ગ્રામજનો દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

કરખડીમાં નાઈટ શિફ્ટ બાદ કર્મચારીનું હાર્ટ એટેકથી મોત

પાદરા તાલુકાના કરખડી કેનાલ રોડ પરની ઘટના.

(પ્રતિનિધિ) પાદરા, તા. 15

પાદરા તાલુકાના કરખડી ગામે નાઈટ શિફ્ટ પૂર્ણ કરીને રૂમ પર આવેલા 49 વર્ષીય કર્મચારીને અચાનક છાતીમાં દુખાવો, આંખે અંધારા આવવા તથા ગભરામણ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લાના વતની અને હાલ કરખડી કેનાલ રોડ ખાતે રહેતા અરુણ કુમાર સૂર્યદેવ શુક્લા (ઉં.વ. 49) તા.13 સપ્ટેમ્બરના રોજ નાઈટ શિફ્ટમાં ફરજ બજાવી રૂમ પર આવ્યા હતા. ત્યારબાદ તા.14 સપ્ટેમ્બરના વહેલી સવારે આશરે 5 વાગ્યાના અરસામાં તેમને અચાનક છાતીમાં દુખાવો, આંખે અંધારા આવવા અને ગભરામણની ફરિયાદ થઈ હતી.

પરિસ્થિતિ ગંભીર જણાતા તેમને પ્રથમ કરખડી ઓ.એચ.સી. ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી કંપનીની એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર માટે વડોદરા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ત્યારબાદ તબિયત વધુ લથડતાં બપોરે આશરે સાડા બાર વાગ્યે અટલાદરા સ્થિત બી.એ.પી.એસ. હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ અરુણ કુમારને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં અકસ્મિક મોત નોંધ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વાઘોડિયામાં 'આશીર્વાદ કા દીયા'ની તૈયારીઓ માટે ભાજપની બેઠક

BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે આશરે 3000 લાભાર્થીઓને એકત્ર કરવાની યોજના.

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 15

૧૭ સપ્ટેમ્બરના રોજ આવે છે ભાજપ દ્વારા દેશભરમાં વિશેષ દીવડા પ્રગટાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'આશીર્વાદ કા દીયા' અભિયાન અંતર્ગત વાઘોડિયા કુમાર શાળા ખાતે વાઘોડિયાna ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા ની આગેવાની હેઠળ તાલુકા ભાજપ પ્રમુખ જૈમીન પટેલ, વાઘોડિયા નગરપાલિકા પ્રમુખ બ્રિજેશ ગોસ્વામી, તાલુકા વિકાસ અધિકારી તપન વ્યાસ સહિતના આગેવાનો દ્વારા 17 સપ્ટેમ્બર ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનના કાર્યક્રમના ભાગરૂપે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર વાઘોડિયા ખાતે આર્શીવાદ કા દિયા અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.૧૭ સપ્ટેમ્બરની સાંજે ૬:૦૦ થી ૭:૦૦ વાગ્યા દરમિયાન તમામ નાગરિકોને દીવડા ઉપલબ્ધ કરવામાં આવશે.ભાજપ દ્વારા દેશના નાગરિકો, કાર્યકરો અને સરકારી યોજનાઓના લાભાર્થીઓને પોતપોતાના ઘરોમાં એક દીવો પ્રગટાવવા માટે અપીલ કરવામાં આવી છે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પની સફળતા માટે પ્રાર્થના કરવામાં આવશે.

શિનોર પોલીસે સજા વોરંટવાળા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો

ધરપકડ બાદ આરોપીને મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલી અપાયો

(પ્રતિનિધિ) શિનોર, તા. 15

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા હાથ ધરાયેલા "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત શિનોર પોલીસે સજા વોરંટના આધારે છેલ્લા એક માસથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, શિનોર તાલુકાના કુકશ ગામનો સાહિલશા સિકંદરશા દીવાન સજા વોરંટના આધારે પોલીસથી નાસતો ફરતો હતો. શિનોર પોલીસની ટીમને આરોપી કુકશ ગામના મેળામાં આવવાનો હોવાની ચોક્કસ બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો. આરોપી સામે ભરણપોષણની રકમ રૂ.26 હજાર તથા અરજી ખર્ચના રૂ.1 હજાર મળી કુલ રૂ.27 હજારની રકમ નહીં ભરવાના મામલે 300 દિવસની સાદી કેદની સજા ફરમાવવામાં આવી હતી. સજા વોરંટના આધારે શિનોર પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી બાદ તેને મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલી આપ્યો હતો. આ કામગીરી શિનોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

છોટાઉદેપુર દિશા કમિટીની બેઠકમાં વિકાસ યોજનાઓની સમીક્ષા

છોટાઉદેપુર કલેક્ટર કચેરીના સંકલન હોલ ખાતે સાંસદ જશુભાઈ રાઠવાના અધ્યક્ષસ્થાને દિશા કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેન્દ્ર સરકારની વિવિધ વિકાસલક્ષી અને જનકલ્યાણકારી યોજનાઓની ભૌતિક તથા નાણાકીય પ્રગતિની વિગતવાર સમીક્ષા કરાઈ હતી.સાંસદે યોજનાઓના ઝડપી અમલીકરણ, પાત્ર લાભાર્થીઓને સમયસર લાભ મળે તેમજ વિકાસકામો ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. તમામ ગામોમાં સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવા પણ ભાર મૂકાયો હતો. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, રાજ્યસભા સાંસદ મુકેશભાઈ રાઠવા, કલેક્ટર ગાર્ગી જૈન, જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જટિલ સર્જરી સફળ થતાં પરિવારજનોએ તબીબી ટીમનો આભાર વ્યક્ત કર્યો

મોટા ફોફળિયામાં ૩૫ વર્ષીય આદિવાસી મહિલાના પેટમાંથી ૩.૫ કિલોની ગાંઠ દૂર કરાઈ

(પ્રતિનિધિ) શિનોર, તા.15

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સુભગ સમન્વયથી સંચાલિત શ્રી છોટુભાઈ એ. પટેલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 35 વર્ષીય આદિવાસી મહિલાના પેટમાંથી આશરે 3.5 કિલોગ્રામ વજનની વિશાળ અંડાશયની ગાંઠ સફળ સર્જરી દ્વારા દૂર કરવામાં આવી છે.

શિનોર તાલુકાના મોટા ફોફળિયાનું શ્રી છોટુભાઈ એ. પટેલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર છેલ્લા 30 વર્ષથી શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ તથા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સુભગ સમન્વયથી સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવી રહ્યું છે. તે શિનોર તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના દર્દીઓને સ્થાનિક સ્તરે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થવાથી આ આરોગ્ય કેન્દ્ર અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે.

ત્યારે વધુ એક શિનોર તાલુકાના મોટા કરાળા ગામની 35 વર્ષીય આદિવાસી શ્રમજીવી મહિલા છેલ્લા આશરે ચાર મહિનાથી પેટમાં સખત દુ:ખાવો તથા પેટમાં ગાંઠ વધતી હોવાની તકલીફથી પીડાતી હતી. તેણીએ અગાઉ જુદા જુદા દવાખાનાઓમાં સારવાર લેવા ઉપરાંત ઘરગથ્થુ ઉપચાર પણ કર્યા હતા, તેમ છતાં તકલીફમાં રાહત મળી નહોતી. આખરે સારવાર માટે મોટા ફોફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા હોસ્પિટલના ગાયનેકોલોજી વિભાગ દ્વારા જરૂરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

વડનગરથી વારાણસી બાઈક રેલીનું ડભોઈ ભાજપ યુવા મોરચાએ સ્વાગત કર્યું

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 15

દેશ ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના સેવા,સમર્પણ અને શાસન ના પૂરા થતા જ તેની ઉજવણી ના ભાગરૂપે ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા ધ્વારા ગુજરાત ના જુદાજુદા જિલ્લાઓ માંથી યુવા ભાજપ ના હોદેદારો માટે વડનગર થી વારાણસી માટે બાઈક રેલીનું આયોજન કરાયું છે.જેના ભાગરૂપે નર્મદા જિલ્લા માંથી નિકળેલ યાત્રા ડભોઈ પહોંચતા જ ડભોઈ યુવા મોરચા ધ્વારા ભારત માતાકી જય...વંદે માતરમ... ના જયઘોષ સાથે શિનોર ચોકડી પાસે ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું.

જન્મ ભૂમિ થી કર્મભૂમિ, પ્રચારક થી પ્રધાન સેવક ના 25 વર્ષ ની ભવ્ય અને સમર્પિત જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર ધ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ના સેવા અને સમર્પણ ના 25 વર્ષ પૂર્ણ થતા તેઓના માન માં " જનસેવા થી રાષ્ટ્રસેવા " અને સેવા સંકલ્પ અભિયાન " અંતર્ગત ગુજરાત ના જુદાજુદા જિલ્લાઓ માંથી વડનગર અને ત્યાંથી વારાણસી સુધી પ્રદેશ ભાજપ યુવા મોરચા ધ્વારા યાત્રા નું આયોજન કરાયું છે.પ્રધાનમંત્રી નું આયુષ્ય લાંબુ અને સ્વસ્થ રહે. તેઓ વિકસિત ભારત ના નિર્માણ માં સતત યોગદાન આપતા રહે.